બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# ગિદયોનનું નાનું સૈન્ય

લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Janie Forest; Alastair Paterson
અનુકૂલન : Ruth Klassen
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2021 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.





જ્યારે યહોશુઆ મરી ગયો પછી ઈસ્રાએલના લોકો ઈશ્વરની આજ્ઞાનો અનાદર કરવા લાગ્યા અને ઈશ્વરને તેમના જીવનથી બહાર મૂકી દીધો. તેથી ઈશ્વરે તેમના પડોશી મિદ્યાની લોકોને તેમના પાક અને ઘરોને બાળી દેવાની પરવાનગી આપી. આ સમયે ઈસ્રાએલી લોકો ગુફાઓમાં રહેવા લાગ્યા.


ગિદીઓન નામે એક ઈસ્રાએલી હતો જે છાનોમાનો પોતાના ઘઉંની કાપણી કરી રહ્યો હતો. એક છુપાયેલા દ્રાક્ષાકૂંડમાં એક મોટા વૃક્ષ નીચે તે પોતાના ઘઉં ઝૂડી રહ્યો હતો. મિદ્યાનીઓને તે જગ્યા ખબર નહોતી
પણ ઈશ્વર એ જગ્યા વિશે જાણતો હતો. ઈશ્વરે ગિદીઓન પાસે એક દૂત લઈને સંદેશો મોકલ્યો.
3


ઈશ્વર ઈચ્છતો હતો કે ગિદીયોન તેના પિતાની જે જૂઠા ઈશ્વરને માને છે તેની વેદીનો નાશ કરે અને તે જગ્યા પર સાચા ઈશ્વરની વેદી બનાવે. જો કે ગિદીયોનને બીક હતી કે તેના નગરના લોકો તેને મારી નાખી શકે છે. છતાંપણ તેણે ઈશ્વરની આજ્ઞા પ્રમાણે કર્યું.
4


ઈશ્વરની તે પણ ઈચ્છા હતી કે ગિદીઓન ભૂંડા મિદ્યાની લોકોની સામે ઈસ્રાએલનું લશ્કર લઈ સામનો કરે. પણ ગિદીઓનને ડર લાગતો હતો. ઈશ્વર તેની સાથે છે તેની ખાતરી કરવા માટે ગિદીઓને ઈશ્વર પાસેથી વિશેષ  નિશાની માંગી. ત્યારબાદ તેણે ઘેટાનું ઉન જમીન પર મૂક્યું.
5


“જો ઝાકળ ફક્ત આ ઊન પર પડે અને બાકીની જમીન કોરી રહેવી જોઈએ.” ગિદીઓને પ્રાર્થના કરી. “ત્યારબાદ હું જાણીશ કે તારા વચન પ્રમાણે તું મારો ઉપયોગ કરીને ઈસ્રાએલને બચાવશે.” સવારે ઉઠીને જ્યારે તેણે જોયું કે જમીન કોરી હતી અને ઊન ઝાકળથી પલડી ગયું હતું.
6


હજુ પણ ગિદીઓનને શંકા હતી. હવે તે ઈચ્છતો હતો કે ઈશ્વર જમીન પર ઝાકળ મોકલે અને ઊન કોરું રાખે. બીજા દિવસે સવારે તેણે જોયું કે જમીન ઝાકળવાળી હતી જ્યારે ઊન કોરું હતું.
7


લોકોનું સૈન્ય લઈને ગિદીઓને શરૂઆત કરી. પણ ઈશ્વરે તેમાંથી ઓછા કરી ફક્ત ૩૦૦ જણને જ લીધા. ઈશ્વર એવું નહોતા ઈચ્છતા કે “મારા પોતાના હાથે, મેં મારો બચાવ કર્યો છે.” ઈશ્વર એકલા જ ઈસ્રાએલના બચાવનાર હતાં.
8

ઈશ્વરને ખબર પડી કે હજુ પણ ગિદીઓન ડરી રહ્યો છે, તેથી ઈશ્વરે ગિદીઓનને એક મિદ્યાની સૈનિક દ્વારા એવા એક વિચિત્ર સ્વપ્નની વાત સાંભળવા દીધી. એ સ્વપ્ન એવું હતું કે રોટલીનો એક ટૂકડો મિદ્યાનીઓના તંબુ સાથે એવી રીતે અફડાયો કે તેમનો તંબુ તૂટીને નાશ પામ્યો.



9



બીજો એક સિપાઈ ડરી ગયો. “આ તો... ગિદીઓનની તલવાર છે...” જ્યારે ગિદીઓને આ સ્વપ્ન તથા તેનો અર્થ સાંભળ્યા ત્યારે તેને ખબર પડી કે ઈશ્વર તેમને જીત આપવા જઈ રહ્યો છે.

10

ગિદીઓને રાત્રીના હુમલાની યોજના બનાવી. તેણે દરેક સૈનિકને એક રણશિંગડુ તથા ખાલી ઘડા જેમાં મશાલો સળગતી હોય તેવી વસ્તુઓ આપી. તેઓએ મિદ્યાનીઓના સૈન્યને ઘેરી લીધું.



11

ગિદીઓનની શાન પ્રમાણે સૈનિકોએ રણશીંગડુ વગાડ્યું, ઘડાઓ ફોડી નાંખ્યા અને મશાલો સળગાવી. કેટલો બધો અવાજ થઈ રહ્યો! કેટલી બધી ગૂંચવણ ઉભી થઈ! ગભરાયેલા મિદ્યાનીઓ જાગી ઉઠ્યા અને તેઓ ત્યાંથી ભાગી નીકળ્યા.



12

આ મોટા વિજય પછી, ઈસ્રાએલના લોકોએ ગિદીઓનને કહ્યું કે તે તેમની પર રાજ કરે. “હું તમારા પર રાજ્ય નહીં કરું, યહોવા ઈશ્વર તમારા પર રાજ કરશે.” ગિદીઓને જવાબ આપ્યો. તેને ખબર હતી કે લોકો પર ફક્ત ઈશ્વર જ રાજ્ય કરી શકે છે.



13

ગિદયોનનું નાનું સૈન્ય

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

ન્યાયાધિસ ૬-૮

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

14




15 60



આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો,
ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી
છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે.  તમે ઈસુ
પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા
પાપ માફ કરશે, તે તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા,
તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા
માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬